# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કેવાં.. રાતાં ચટાક ફૂલો છે !
સાવ ! ભોળાભટાક ફૂલો છે !
ગાય છે ગુન ગુન ભમરો શું ?
શું મિલનમાં અવાક ફૂલો છે ?
કંટકોમાં ફસે ન પાલવ ક્યાંક..
જોજે.. કરતાં મઝાક ફૂલો છે !
કાં કરે તું અહીં , સદીની વાત ?
પળ.. મિનિટ કે કલાક , ફૂલો છે !
થાય દિલ , બાગબાગ તો લાગે..
આટલામાં જ ક્યાંક.. ફૂલો છે !

- સિકંદર મુલતાની.

## પાથેય

- રમેશ ઠક્કર

### આંગણે ઉભરાતું વ્હાલ...

જડતા માણસમાં હોય છે..આપણે જેને નિર્જીવ માનીએ છીએ એમાંતો નર્યો ધબકાર જ ભર્યો હોય છે..આજકાલ આંગણે ઉગાડેલાં ફુલોને જોયા કરૂં છું.ખાસ કરીને વહેલી સવારે..નીરખવું એ આટલી ઉત્કૃષ્ટ અભિવ્યકિત હશે એનો એહસાસ મને થઈ રહયો છે.જોવાનો અનુભવ હોય..નીરખવાનો નજારો હોય.!

શ્રાધ્ધના દિવસોમાં તડકો જાણે બેબાકળો બની ગયેલો.ઉનાળાની ઉત્તરાવસ્થા જેવું એનું રૂપ..એ ગરમીને સાંજ પડતાં જ એકાદ શીત લ્હેરખી મ્હાત કરી નાખે ત્યારે પાંદડાં સહિત આ નાનકડો બાગ કલશોર કરતો હોય એવું લાગે..એક બે અને ત્રણ...આજે નોરતાંનો ત્રીજો દિવસ છે..ફુલછોડ હવે નવા જ રંગમાં છે..આમ જોઇએ તો દરેકનું અલગ રૂપ એમ જ કલર પણ અલગ..છતાંય વિવિધતામાં એકતા એમ નવા દિવસોની તાજગી જાણે તમામને એકતાંતણે બાંધી રહી છે..આસો માસ જ અવર્ણનીય છે..અષાઢનું આભ હોય.શ્રાવણની સાંજ હોય,ભાદરવો નરમગરમ હોય..આસો સાંગોપાંગ સોહામણો લાગે..એમાં પણ આસોની અજવાળી રાત...!અવિરત જાણે ઝાંઝરનો ઝણકાર!

નવરાત્રી શરૂ થતાં જ જાસૂદ સોળે કળાએ ખીલી ઉઠ્યાં છે..એમાં પણ સફેદ કલરનાં જાસૂદ જે વહેલી સવારે આળસુની માફક બિડાઇને પડયાં હોય એ દિવસ ચડતાં જ અસલ મિજાજમાં લ્હેરાવા લાગે..એકઝોરા નામે ઓળખાતાં લાલ અને કેસરીના કોમ્બિનેશન જેવા ગલગોટો લગભગ ચોવીસે કલાક આનંદિત હોય છે..મોગરો હજુ અસલ મિજાજમાં નથી..મધુમાલતી બધો તાલ જુએ છે.એ સિવાય આપણાં રોજિંદા ઓફિસટાઇમ ને એવાં નામો ધરાવતાં પુષ્પો પણ પમરાટ કરતાં જાય છે..આ બધાની વચ્ચે આજકાલ જેની આગવી મજા છે એ છે કેસરી દાંડી ધરાવતાં ધવલ પારિજાતનાં પુષ્પોની ! આંગણે એક જ મોટું પારિજાત પાંગર્યું છે..છતાં સવારે એની સફેદ ચાદર એવી પથરાઇ જાય છે. જાણે કોઇએ રંગોળી પૂરી હોય ! ઘણાં ફૂલોનાં નામ મને આવડતાં નથી..પણ એથી અમારી ચાહતમાં કોઇ ફરક પડતો નથી ! મેં ઉગાડયાં એમ એ ઉગ્યાં છે..છતાં એમના તરફથી કોઇ એવો હકકદાવો નથી કે હવે અમને બરાબર સાચવો જ ! એ આપમેળે અનુકૂલન સાધી લે છે..સવાર બપોર અને સાંજ અને કદીક રાતે ,હું એમની આસપાસ ફરકતો રહું છું..હું ધારું તો એમનાં અલગ નામ કે એમના રૂપ વિશે લખી શકું..એટલું કાવ્યતત્વ તો મારામાં છે ! હું એમના વિશે ચોરીછૂપીથી કશુંક લખતો રહું છું એની કદાચ એમને જાણ નહીં હોય..નિવૃત્તિ પછીના મારા સહારાનાં જે સરનામાં છે એમાં આ નાનકડા બાગનો પણ ભાગ છે ! આપણે કોઇ સુરેશ જોશી નથી છતાં આપણાં ફુલો કે આપણા બગીચાને કેમ લાડ લડાવવા એટલા પગભર તો છીએ જ !

# અશોક ગહલોતની કારકિર્દી જોખમમાં

તંત્રીસ્થાનેથી...

સમયનું ચક્ર કયારે કેવા રંગ દેખાડશે એ જો જાનકીનાથ ના જાણી શક્યા હોય તો બિચારા અશોક ગહલોતનું શું ગજું ? અશોક ગહલોત થોડા દિવસ અગાઉ બધુ જ ફોર્મમાં હતા. ગાંધી પરિવારના લાડકા હોઈ એ એમ જ માની બેઠા હતા કે હવે પછીના કોંગ્રેસ પ્રમુખ પોતે જ છે. શશી થરૂરને તો એ લેખામાં લેતા જ નહોતા. વસ્તુતઃ એ હાઈકમાંડના સૌથી વફાદાર નેતા હતા અને એટલે વગર ફોર્મ ભર્યે પણ જીતેલા હોય એવા દમામથી દિલ્હીથી જયપુર અને જયપુરથી કોચ્ચી જઈ સોનિયા - રાહુલને વહાલા થઈ આવતા હતા. પરંતુ જયારે અજય માકન અને મલ્લિકાર્જુન ખડગેની નિરીક્ષક બેલડીએ જયપુર જઈને એમની ગેરહાજરીમાં એમના ટેકેદારોનું 'અસભ્ય' અને ગેરશિસ્તભર્યું વર્તન જોયું ત્યારે જ એમનાં વળતાં પાણી શરૂ થઈ ગયાં હતાં. ગહલોત શ્રાદ્ધના બહાને જેસલમેર ચાલ્યા ગયા હતા અને એમના વફાદાર સાથીઓ કોઈ પણ ભોગે સચીન પાઈલટને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે નહીં સ્વીકારવાના મુદ્દે અડી પડ્યા હતા. શાંતિ ધારીવાલના બંગલે ભેગા થયેલા ગહલોત જૂથના ધારાસભ્યોએ સચીનને સ્વીકારવાને બદલે સ્પીકર સી.પી. જોષી સમક્ષ રાજીનામાં ધરી દેવાનો વિકલ્પ પસંદ કર્યો અને સ્પષ્ટ સંદેશ પાઠવ્યો કે અશોક ગહલોત રાષ્ટ્રીય અધ્યક્ષ બને તો પણ રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવા જોઈએ. જો સચીનને હાઈકમાંડ ઠોકી બેસાડશે તો ગહલોત જૂથ બળવો કરશે અને રાજસ્થાન જેવા મોટા રાજયમાંથી કોંગ્રેસની સત્તા જશે. ખુદ ગહલોત આવી જ ભાષા જરા મોઘમમાં બોલતા રહ્યા હતા. એક વ્યક્તિ - એક પદ વાળી ફોર્મ્યુલા નોમિનેટેડ નેતા માટે હોય, ચૂંટાયેલા માટે નહીં, એમ કહી તેઓ બેઉ હાથમાં લાડવા રાખવા માગતા હતા. જાદુગરના દીકરા હોઈ એમણે ખેલ તો પાડી દીધો પણ હાઈકમાંડ આગળ સાવ ઢીલાઢફ થઈ ગયા. હાઈકમાંડ માટે રાજસ્થાન કરતાં વધારે મહત્ત્વનું પદ કોંગ્રેસ પ્રમુખનું છે. સોનિયા ગાંધીએ એમને એક ગુનેગારને મુલાકાત આપતાં હોય એ રીતે મુલાકાત આપી અને નિર્ણય સંભળાવી દીધો કે તમને હવે અમારો ટેકો નહીં મળે. બહેતર છે કે તમે ઉમેદવારી ના કરો. લેખિત માફીનામું આપ્યાં છતાં કોંગ્રેસમાં સર્વોચ્ચ માલિકણનો રોષ ઓછો નથી થયો. એટલે ગહલોતને એમની હેસિયત બતાવી દેવા રાજસ્થાનનાં મુખ્યમંત્રી નકકી કરવા માટે નિરીક્ષકોને ફરી વાર જયપુર મોકલી એમને નામોશીનો અહેસાસ કરાવવા તેઓ કૃતસંકલ્પ છે. ગહલોત જેવા વફાદાર અને નાણાંકોથળી છલકાવનાર નેતાને માથામાંથી જૂ કાઢીને ફેંકી દેતાં હોય એમ સોનિયા ગાંધીએ તાબડતોબ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના સંયોજક દિગ્વિજયસિંહને ફોર્મ ફરવા બોલાવી લીધા છે. એવું ના લાગે કે એક માત્ર ગહલોત જ પરિવાર માટે લાડકવાયા હતા એટલા સારું કદાચ મલ્લિકાર્જુન ખડગે પણ બીજા બે-ત્રણ પાસે પણ ફોરમ ભરાવશે અને પાછાં ખેંચાવી લેશે. શશી થરૂર જી-૨૩ ગ્રુપના પ્રતિનિધિ છે પણ એ જૂથમાં શશી થરૂર માટે એકમતી નથી. મનીષ તિવારી પણ ઉમેદવારી કરવા થનગની રહ્યા છે. ૩૦મી તારીખે ગુજરાતના મધુસૂદન મિસ્ત્રી પાસે ઉમેદવારીની યાદી આવી જશે.. જો કે હાઈકમાંડનો જ ઉમેદવાર જીતે એવો માહોલ તૈયાર કરાશે એમાં શંકાને સ્થાન નથી. ગહલોત તો મીઠા મામસ હતા. માળી છે. દિગ્ગીરાજા જરા આકરા છે. પણ પાર્ટીના વફાદાર નેતા છે. આરએસએસ અને ભાજપને એમનાં હિંદુત્વ વિરોધી નિવેદનોથી હંમેશા લાભ જ થયો છે. અશોક ગહલોત ગાંધી - અર્થાત આપણા સાબરમતી આશ્રમવાલા મહાત્મા ગાંધીના સિદ્ધાંતો મુજબ ચાલનારા નેતા ગણાય છે. એટલે જ અને ગુજરાત સાથેના પાડોશી તરીકે એમને ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પણ સિનિયર ઈનચાર્જ બનાવાયા હતા. એ રાષ્ટ્રીય અધ્યક્ષની દોડમાં સામેલ થવા પહેલાં જ નીકળી ગયા છે અને હવે તો એમનું મુખ્યમંત્રી પદ પણ જોખમમાં આવી ગયું છે. રાજસ્થાનનું કોડકું કોંગ્રેસ માટે શિરોવેદના બની ગયું છે. અશોક ગહલોત માટે તો કદાચ એ કારકિર્દીનું પૂર્ણવિરામ જ બની રહેશે.

# દાંતની સેન્સિટીવીટી : એક પીડાદાયક સમસ્યા, નિદાન તથા સારવાર



દંત-ચિકિત્સા

ડો. બિંદી મિહીર પંડ્યા

મિત્રો ગયા, અંકમાં આપણે દાંતની સેન્સિટીવીટી તેના લક્ષણો, કારણો અંગે જાણ્યું ; આજનાં અંકમાં આપણે તેના નિદાન અને સારવાર વિશે માહિતી મેળવીશું.

● સેન્સિટીવીટીનું નિદાન :

જો તમે પહેલી વાર દાંતની કળથરની સમસ્યાનો સામનો કરી રહ્યા હોય, તો તુરંત જ તમારા ડેન્ટિસ્ટની મુલાકાત લેવી જોઈએ.

ડેન્ટિસ્ટ ચેકઅપ કરીને, અને જરૂર પડે તો એક્સ-રેની મદદથી કેવીટી કે અન્ય ઈન્ફેકશનની ચકાસણી કરે છે. કેટલીક દાંતને લગતી સમસ્યાઓ જેવી કે :

૧) એટ્રીશન : જેમ વ્યક્તિની ઉંમરવ ધે તેમ તેમ દાંતમાં ઘસારો પહોંચે છે, જેથી ઈનેમલમાં ઘસારો થવાના લીધે ડેન્ટિનનું પડ ઓરલ કેવિટીમાં એક્સપોઝ થાય છે. જેના લીધે વ્યક્તિને કળતર થઈ શકે છે. આ સમસ્યા દાંત કચકચાવાની અસર ધરાવતા વ્યક્તિમાં જોવા મળે છે.

૨) ઈરોશન ) જે વ્યક્તિને એસિડયુક્ત ઠંડા પાણી કે એસિડયુક્ત ખાદ્ય પદાર્થો ખાવાની વધુ પડતી આદત હોય તેવી વ્યક્તિઓમાં પણ દાંતના ઈનેમલનો ઘસારો જોઈ શકાય છે . તે 'બુલીમીયા' કે વધુ પડતી વોમિટીંગ થતી હોય તેવા દર્દીઓમાં પણ જોઈ શકાય.

૩) અબ્રેશન : આ સમસ્યા દાંત અને તેના મૂળ વચ્ચેનાં જોડાણ વાળા ભાગમાં ખાસ જોવા મળે છે. જે વ્યક્તિઓને ખૂબ જોરથી અથવા ખૂબ સખત ટૂથબ્રશ વાપરતા હોય તે વ્યક્તિઓમાં લાંબા ગાળે સમસ્યા સર્જાઈ શકે છે. જે કળતર માટે જવાબદાર બને છે.

દાંતમાં સડો થયો હોય, તો પણ દર્દી ઠંડુ પાણી, મિઠાઈ ખાતી વખતે કળતરની બૂમો પાડે છે. જો દાંતમાં વધારે ઈન્ફેકશન હોય તો ગરમ પીણા કે ભોજન કરતા પણ તીવ્ર દુઃખાવો થઈ શકે છે.

● દાંતની સેન્સિટીવીટીની સારવાર

સેન્સિટીવીટીની શરુઆતના તબક્કામાં અથવા માત્ર કોઈકવાર સેન્સિટીવી રહેતી હોય તો, દર્દીને ટૂથપેસ્ટ અને માઉથવોશનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે છે. આ ટૂથપેસ્ટ અને માઉથવોસનાં વપરાશની મદદથી તેના રહેલા મિનરલ્સ દાંતનાં ઈનેમલને રી-મીનરલાઈઝ કરે છે, અને ડેન્ટાઈનલ ટ્યુબ્યુલ્સને બ્લોક કરવાથી સેન્સિટીવીની સમસ્યામાં રાહત મળે છે.

પરંતુ અગાઉ જણાવ્યા મુજબ જો આ ખાસ કરીને મોઢાનાં કોઈ એક ભાગમાં કે અમુક દાંત સુધી મર્યાદિત હોય જેની પાછળ સડો કે ઈન્ફેકશન કે પેઢાની સમસ્યા જવાબદાર હોય તો તેના માટે સારવાર જરૂરી બને છે.

દાંતમાં સડો થયો હોય કે અબ્રેશનના કારણે દાંતમાં ખાડો થયો હોય તો તે ફીલીંગ કરીને ભરી શકાય છે, જેથી વધારે નુકશાન થતું રોકી શકાય છે.

જો દાંતમાં વધુ ઈન્ફેકશન હોય તો તેમાં રૂટકેનાલની સારવાર કરીને તેની ઉપર ક્રાઉન બેસાડી શકાય, આ જ રીતે જો વ્યક્તિને મોંઢામાં કેપ (ક્રાઉન) હોય અને તેને ૮-૧૦ વર્ષથી વધુ સમય થયો હોય તો પેઢામાં ઘસારો થવાના લીધે પણ મૂળિયા જો ઓરલ કેવિટીમાં એક્સપોઝ થાય તો પણ કળતર જોઈ શકાય; એવા સંજોગોમાં દર્દીનો નવો ક્રાઉન આપવો હિતાવહ છે.

જો પેઢામાં છારી કે અન્ય પાયોરિયા જેવી સમસ્યાનાં લીધે ઘસારો થયો હોય, તો પેઢાની સારવાર, ફ્લેપ સર્જરી જેવા વિકલ્પોથી પેઢા વધુ ઘસારા અટકાવી શકાય છે અને સ્વસ્થ બનાવી શકાય છે.

દર્દીને સોફ્ટ ટૂથ બ્રશ વાપરવાની, હળવેથી બ્રશ કરવાની સલાહ આપવામાં આવે છે.

સાથોસાથ જો કોઈ મેડિકલ સમસ્યાનાં લીધે સેન્સિટીવીની સમસ્યા સર્જાઈ હોય તો પહેલા આવશ્યક છે કે તેની સારવાર કરવામાં આવે.

જો દર્દીને રાત્રે દાંત કચકચાવાની આદત હોય, તો તે રોકવા માટે દર્દીને સલાહ અને સાઈકોલોજીકલ મોટીવેશન ખાસ કરીને અપાય છે, ખાસ કરીને બાળકોમાં તે ખૂબ જ જરૂરી બને છે. તે સિવાય 'નાઈટ ગાર્ડ'નાં વપરાશથી પણ આ સમસ્યા રોકી શકાય છે.

તો મિત્રો જો આપને આ સમસ્યા પરેશાન કરી રહી હોય, તો અવશ્યપણે તેની સારવાર કરાવો.

*- Team Sharddhadeep*

# વિદ્યુત સમાન વ્યક્તિત્વ : લોકમાતા નિવેદિતા



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

કાળની એ બલિહારી છે કે જયારે કોઈ સમર્થ વ્યક્તિત્વનું એ નિર્માણ કરે છે ત્યારે તેવા વ્યક્તિત્વનું કાર્ય આગળ વધારવા એક વ્યવસ્થા કે અન્ય પૂરક વ્યક્તિઓનું પણ નિર્માણ કરે છે. વિરજાનંદ સરસ્વતી જેવા દ્રષ્ટિવાન સંન્યાસીનું સ્વપ્ન જગતમાં ચરિતાર્થ કરનારા મહાન સન્યાસી સ્વામી દયાનંદ થયા. ખરી વૈદિક પરંપરાનું જ્ઞાન મહર્ષિ દયાનંદે જગતને કરાવ્યું. વિરજાનંદ સરસ્વતીની વિદ્યાનો ધવલ પ્રવાહ જગતના ચોકને પવિત્ર કરી ગયો. કાલિમા સાથે સંવાદ કરી શકે તેવી ઉચ્ચતમ આધ્યાત્મિક સ્થિતિ ધરાવતા રામકૃષ્ણ પરમહંસને સ્વામી વિવેકાનંદ જેવા સમર્થ શિષ્ય મળ્યા. મહાત્મા ગાંધીના સર્વોદયના વિચારને રાજ્ય વ્યવસ્થામાં પડ્યા સિવાય આગળ વધારનાર વિનોબાજી જેવા સમર્થ કર્મયોગી મળ્યા. નાનાભાઈ ભટ્ટને દર્શક મળ્યા. કાળની આ રોમાંચક વ્યવસ્થા છે. આ વણલિખિ વ્યવસ્થામાં પણ એક સાતત્ય છે. જેના ફાયદાઓ જગતને થયા છે. આજ પરંપરામાં સ્વામી વિવેકાનંદને ભગિની નિવેદિતા મળ્યા. કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોરે લખ્યું કે નિવેદિતા ખરેખર તો લોકમાતા હતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓએ સ્વામી વિવેકાનંદના વિચારો અસરકારક રીતે જગતને પહોંચાડ્યા. જીવનના પાંચ દાયકા પણ તેઓ પુરા કરી શક્યા નહિ. હિમાલયના ખોળામાં તેઓએ પોતાના જીવનની અંતિમ ક્ષણો પસાર કરી. દાર્જિલિંગ પાસે આવેલી તેમની પવિત્ર સમાધિ પર લખાયું છે:

'અહીં સિસ્ટર નિવેદિતા સૂતાં છે, જેમણે તેમનું સર્વસ્વ ભારતને અર્પણ કર્યું છે.'

જે રીતે વિગતો મળે છે તે જોતાં ૧૮૯૫ના નવેમ્બર માસમાં મિસ માર્ગારેટે સ્વામી વિવેકાનંદને લંડનમાં પહેલીવાર મળ્યાં. મિસ માર્ગારેટ જે ભગિની નિવેદિતા તરીકે સુપ્રસિદ્ધ થયા તેઓ લંડનની એક શાળામાં પ્રિન્સિપાલ હતા. શિક્ષણના ક્ષેત્રમાં તેમની ઊંડી સૂઝ હતી. ગુરુ તથા શિષ્યા વચ્ચેની પ્રથમ મુલાકાત જ ભાવિ પથનું નિર્માણ કરવા માટે પૂરતા બની રહ્યા. સ્વામીજી સાથેની પોતાની મુલાકાતનું સચોટ દર્શન ભગિનીના શબ્દોમાં જ પ્રગટે છે. તેઓ વિવેકાનંદ સાથેની આ પ્રથમ મુલાકાતના સંદર્ભમાં લખે છે:

"સ્વામીજી અમારી વચ્ચે ભગવો ઝભ્ભો પહેરીને બેઠા હતા. જાણે દૂર દૂરની કોઈ ભૂમિમાંથી સંદેશવાહક આવ્યો હોય તેમ લાગતું હતું. વારંવાર શિવ-શિવ એવું રટણ કરવાની તેમની કુતુહલપ્રેરક ટેવ હતી. ઘણો સમય ધ્યાન અવસ્થામાં રહેતા હોય તેવી પ્રતીતિ તેમને જોતાં થતી હતી. તેઓના મુખ પર તેવા સૌમ્ય તથા ઉચ્ચ ભાવના દર્શન થતા હતા... આવો જ ભાવ કદાચ ચિત્રકાર રાફેલે ઈશુના મુખ પર મુક્યો છે." મિસ માર્ગારેટના જીવનનું આમૂલ પરિવર્તન કરવામાં આ પ્રથમ મુલાકાતનો મહત્વનો ફાળો રહ્યો. જે ધર્મ સર્વ ધર્મો પ્રતિ સહિષ્ણુતા દાખવવાનું શિક્ષણ આપે અને સત્ય તરફની ગતિને પ્રેરણા આપે તેવા ધર્મદર્શનથી માર્ગારેટ પ્રભાવિત થયા. ભારતભરમાં ભ્રમણ કરતા પરીવ્રજક સન્યાસીના જીવનકાર્યની પરિપૂર્તિ માટે ભગિનીએ નીર્ધાર કર્યો. માર્ગારેટનો રસ તેમજ કાર્યનિષ્ઠાનું દર્શન થતાં સ્વામી વિવેકાનંદે તેમને ભારત આવવા માટે સંમતિ આપી. ભારતની મહિલાઓના ઉત્થાનની ચિંતા સ્વામીજીને ઊંડે સુધી હતી. આથી ભગિની નિવેદિતાના લોખંડી વ્યક્તિત્વમાં તેમનું મન ઠર્યું હતું. ભગિની આ કસોટીમાં ખરા પણ ઉતાર્યા હતા.

વર્ષ ૧૮૯૮ના માર્ચ માસમાં રામકૃષ્ણ મિશનના એક સમારંભમાં સ્વામીજીએ મિસ માર્ગારેટની ઓળખ પોતાના અસંખ્ય અનુયાયીઓને આપી. ઇંગ્લેડની અત્યંત અમૂલ્ય ભેટ તરીકે તેમણે નિવેદિતાને ઓળખાવ્યા. મિશનના વિશાળ પરિવારે ભગિનીનો સંપૂર્ણ સ્વીકાર કર્યો. માં શારદામણિદેવીએ તેમને પુત્રી તરીકે સ્વીકારીને સંપૂર્ણ વિશ્વાસ તથા ઉત્તેજન પુરા પડ્યા.

સામાજિક સેવાના ક્ષેત્રમાં રામકૃષ્ણ મિશનનું એક આગવું નામ તથા સ્થાન છે. મિશનરી સ્પીરીટથી આ બધા કાર્યો સ્થાનિક જરૂરિયાત પ્રમાણે થાય છે. સેવાકાર્યોનાં મૂળમાં સ્વામી વિવેકાનંદની દ્રષ્ટિ છે. ભગિની નિવેદિતાએ પણ પોતાના જીવન થકી આ બાબતમાં ઉજળું ઉદાહરણ પૂરું પાડેલું છે. ભારત આવ્યા પછી તેમણે કલકત્તામાં પ્લેગના ફેલાવાની ભયજનક સ્થિતિ જોઈ ત્યારે તેઓ સંપૂર્ણ રીતે લોક-સેવાના કાર્યોમાં સમર્પિત થયા. આયરિશ સન્નારી નિવેદિતાને કલકત્તાની ગંદી ચાલીઓમાં જવાની કોઈ સૂગ ન હતી. પોતાના ગુરુના આદેશો મુજબ ગંદા બાળકોની સેવામાં તેમને પરમેશ્વરની સેવા કરવાનો સંતોષ મળતો હતો. આ કપરા કાળમાં રોગીઓની સેવા શુશ્રુષા કરવામાં તેમણે રાતદિવસ એક કર્યા હતા. ભગિનીએ રોગ અંગે લોકજાગૃતિ ફેલાવવા માટે પત્રિકાઓ લખી. આ પત્રિકાઓ બંગાળી ભાષામાં છપાવીને તેનું વિતરણ કર્યું. આજ રીતે મહિલાઓની સ્થિતિ સમજવા તેમણે ભારતની ગૃહજીવનની વ્યવસ્થાનો ઊંડો અભ્યાસ કર્યો. બંગાળના તત્કાલીન રૂઢિચુસ્ત સમાજના લોકોને સમજાવીને મહિલાઓના શિક્ષણ માટે પ્રયાસ તેમણે આદર્યો. એક શાળા પણ શરુ કરી. કેટલાક લોકો ભગિનીની ધીરજપૂર્વકની સમજાવટના કારણે પોતાની પુત્રીઓને શાળામાં મોકલવા તૈયાર થયા. આ બાબત એ પણ મિશનની મોટી સફળતા હતી. નિવેદિતાનો તેમાં મુખ્ય ફાળો હતો. માં શારદામણીદેવીના વરદ હસ્તે મિશનની શાળાનું ઉદઘાટન ભગિનીના પ્રયાસોથી થયું. સતત લોકસંપર્ક એ તેમની સફળતાના મૂળમાં રહેલી બાબત હતી. મિશન દ્વારા યોજવામાં આવતી સભાઓમાં પણ પ્રવચનો આપીને તેઓ લોકોને સમજાવતા હતા. સાદું તથા તપોમય જીવન જીવતા ભગિનીએ સન્યાસીને છાજે તેવું જીવન જીવ્યા હતા. તેઓ સંપૂર્ણ ભારતીય જીવનશૈલીને અપનાવીને મહત્વનું યોગદાન આપી ગયા.

ભગિનીનું ભારત માટેનું સમર્પણ સંપૂર્ણ હતું. સુવિખ્યાત વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝના પત્ની અબલા બોઝે સરસ વાત ભગિની માટે લખી છે. તેમણે લખ્યું છે કે ૧૮૯૮ની કલકત્તાની પ્લેગની બીમારીમાં પ્લેગમાં સપડાયેલા નાના બાળકને ભગિનીના ખોળામાં છેલ્લા શ્વાસ ભરતું જોઈને પ્રતીત થતું કે તેઓ જ આ બાળકના માતા છે. સમર્પણની આ કક્ષા એક વિરલ ઘટના છે. માત્ર ૪૪ વર્ષના ટૂંકા આયુષ્યમાં તેઓ એક યુગનું કાર્ય કરી ગયા. સ્વામીજીના વ્યક્તિત્વને સમજવા માટે ભગિનીએ THE MASTER AS I SAW HIM લખ્યું જે તેમની વૈચારિક સજ્જતાનું દર્શન કરાવે છે.

૧૯૧૧ના ઓક્ટોબર માસમાં ભગિની નિવેદિતાએ સ્વામીજીની જેમ જ અકાળે વિદાય લીધી. ત્યાગ તથા સેવાને વરેલા આ મહિલા સ્વામી વિવેકાનંદના ખરા પ્રતિનિધિ હતા. ઓક્ટોબર માસમાં તેમના તેજપુંજ સમાન વ્યક્તિત્વને ફરી નમન કરવાનો સમય છે.

# એક અનોખી કથા... 'આસ્થાનું આરોહણ'



સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

અમુક વ્યકિત માટેનો આપણો અહોભાવ આપોઆપ હોય છે.સબળસિંહ વાળા આવા જ એક માણસ છે...એક પદયાત્રી તરીકે જાણીતું નામ..એમને હું સદેહે મળ્યો ગયા વરસે એક લગ્ન સમારંભમાં..પણ એટલા બધા આત્મીય લાગ્યા કે જાણે વરસોથી એકબીજાને ઓળખતા હોઈએ..ઉંમર એમની બ્યાસી વરસ..પાંચેક ફૂટની હાઈટ અનેએકવડિયું કસાયેલું શરીર..ચુસ્ત ચહેરો..આંખોમાં ગજબની તાજગી અને સમગ્ર વ્યકિતત્વ જાણે સાત્વિક ઉપહાર જેવું...

સબળસિંહ વાળા એક વિશ્વપ્રવાસી તરીકે જાણીતા છે..નાનપણથી જ ચાલવાનો ગજબ શોખ..ભાલકાંઠાનું નાનકડું ગામ ખડોળ એમની જન્મભૂમિ...ચાલવાની શરૂઆત અભાવોમાંથી થઇ પછી ક્રમશઃ એ શોખ બનતી ગઇ..રોજના ચાલીસ પચાસ કિલોમીટર પગપાળા ચાલવું એમને માટે રમત વાત બની ગઇ..મુળ પ્રકૃતિ ધાર્મિક અને પારમાર્થિક..એટલે એમણે પોતાના આ શોખને યાત્રામાં પરિવર્તિત કરી દીધો..એમણે ચાલતાં ચાલતાં જગતની સહેલગાહ કરવા માંડી.વિવિધ પદયાત્રાઓ થકી એ જાણીતા થવા માંડયા..પદયાત્રી તરીકે એ એવા સુખ્યાત થતા ગયા કે અખબારો અને મેગેઝીનોમાં એમની યાત્રાઓ વિશે લેખો અને તસવીરો આવવા માંડી..'ગુજરાત સમાચાર' ની "નેટવર્ક " કોલમ ગુણવંત છો. શાહ લખતા...એના અસંખ્ય વાચકો હતા..એ કોલમમાં વાળા સાહેબની પગપાળા સિધ્ધિઓને ઉજાગર કરતા એક પછી એક એમ સાઇઠ જેટલા લેખો પ્રગટ થયેલા....આ લેખો મેં પણ વાંચેલા અને એ રીતે મારા મનમાં એમની છબી આદરભાવથી અંકાઈ ગયેલી..એમને રૂબરૂ મળ્યા ત્યારે મને એ વાતનો સાક્ષાત્કાર થયો..

'આતમ વિંઝે પાંખ..' એ પંકિત જાણે એમનો મુદ્રાલેખ છે..એમણે ગુજરાતમાં દ્વારકા,સહિત સૌરાષ્ટ્રમાં જાણીતાં તમામ ધાર્મિક સ્થળોની પદયાત્રા કરી..પ્રસિદ્ધ ગિરનારની લીલી પરિક્રમા પણ કરી..નર્મદા નદીની ૩૦૦૦ કિલોમીટરની કઠિન પરિક્રમા અને એના રોમાંચક અનુભવો એ પણ એમની યશકલગીમાં એક અદભુત પિચ્છુ છે..

રાજકોટથી નાસિક,અમદાવાદથી કન્યાકુમારી, જગન્નાથપુરી, ચારધામ યાત્રા,કેનેડામાં ટોરેન્ટોથી અમેરિકાના સ્ટેચ્યુ ઓફ લિબર્ટી અને અમેરિકામાં નાયગરા ધોધથી શરૂ કરી દક્ષિણ સમુદ્રના કીવેસ્ટ ટાપુઓ સુધીનો પગપાળા પ્રવાસ આ બધા મુકામનો છે...પંચોતેર વરસ પછી પણ રોજના પંદર વીસ કિલોમીટર ચાલવું એમના માટે સહજ છે..અત્યાદ સુધીમાં એ લગભગ ત્રીસેક હજાર કિલોમીટર પગપાળા ચાલી ચુકયા છે...ચાલવું એમને માટે મ્હાલવું શબ્દનો પર્યાય છે જાણે !

એમની આ જુદી જુદી પદયાત્રાઓનાં પુસ્તકો થયાં છે..જે લોકપ્રિય પણ થયાં છે.જિંદગીની ઢળતી ઉંમરે વાળા સાહેબની યાત્રાઓ ભલે સિમિત થઇ હશે પણ એમનું મન આજેય પણ એટલું જ મકકમ છે...એમના વતનનું ગામ ખડોળ અને આસપાસનાં ગામોમાં વસતાં સગાંસંબંધીઓ અને સ્વજનો સાથે એમની આત્મીયતા ગજબ છે...અમને વિચાર આવ્યો કે આ બધાં પરિચિતો સાથે ધાર્મિક સ્થળોની યાત્રા કરીએ તો ? એ બહાને પોતાના જન્મજાત શોખને જીવંત પણ કરી શકાય અને વડિલો સહિત આપ્તજનોને આધ્યાત્મિક પરિતૃપ્તી પણ આપી શકાય..પોતે તો કદાચ થોડુંઘણું હજુયે ચાલી શકે..પણ આ બધા માટે ચાલતા જવું અઘરૂં ઘણાય. એટલે એમના મનમાં એક અદ્ભૂત યોજના ઉદભવી કે સ્વૈચ્છીક રીતે આવવા માગતા સગાંસંબંધીઓની સંમતિ મેળવી યાદી બનાવવી અને પછી વાહન સાથે ,બસમાં કે ટ્ર્ઇનમાં કે હવાઈમાર્ગે યાત્રાઓ કરવી....

પોતે હવે વયોવૃદ્ધ હતા..યાત્રી તરીકે સહભાગી તો થયા પણ પ્રવાસ આયોજનનું કામ સોંપ્યું ભત્રીજા મહેન્દ્રસિંહ વાળા ને..અને પછી ખડોળ થી શરૂ થયેલી વિવિધ યાત્રાઓનો સિલસિલો એ પણ એમના જીવનનું એક યાદગાર સંભારણું બની ગયું...

આ અનુભવોનું આલેખન એટલે પુસ્તક " આસ્થાનું આરોહણ.. " મહેન્દ્રસિંહ વાળા એક સિધ્ધહસ્ત લેખકની જેમ આ પ્રવાસોને શબ્દોમાં આલેખે છે..પ્રથમ યાત્રા ખડોળ ગામથી ખોડિયાર ચોટીલા અને બગદાણાની કરી ત્યારે ભવિષ્યની કોઇ અન્ય યાત્રાઓનું આયોજન ન હતું..આવી વાતમાં બધા સામેલ થશે કે કેમ ? એ પણ શંકા હતી..સગાંસંબંધીઓ બધાં ખેતી પશુપાલન જેવા વ્યવસાયોમાં અને દૂર દૂર વિખરાયેલાં..એમને ભેગાં કરવાં..મુશ્કેલ કામ હતું. પણ દાદા સબળસિંહ અને એમનાં ધર્મપત્ની માતા મીરાંબાના પ્રેમ આગળ સહુ એકતાંતણે બંધાઈ ગયાં..અને સરસ ગ્રુપ તૈયાર થઇ ગયું..પહેલો પ્રવાસ ખુબ ઉત્સાહજનક રહયો. બધાને ખુબ મજા આવી..દેવ દર્શનની સાથે પ્રકૃતિ અને વિવિધ સ્થળોની મુલાકાત થકી સૌ પાવન થયાં..દાદા ના ચહેરા ઉપર અવર્ણનીય આનંદ છવાઇ ગયો..ભત્રીજા મહેન્દ્રસિંહને એમણે કહયું.." હવે આપણે જગન્નાથ પુરી જઇશું..કોને આવવું છે ? બધાને પુછી લેજો.." આજ્ઞાંકિત પુત્ર સમાન ભત્રીજાએ આયોજન કરવા માંડ્યુ...

અને એ પછી તો સગાંસંબંધીઓનો ઉમળકો સહજ ભળવા માંડ્યો..જગન્નાથપુરીની યાત્રા પણ સરસ સંપન્ન થઇ..પછી ફરીથી સૌરાષ્ટ્રનાં યાત્રાધામો..અમદાવાદથી રામેશ્વર કોડાઈકેનાલનો પ્રવાસ,..હરિદ્વાર સહિત ચારધામ,કાશી છપાયા,અને છેલ્લે લોકડાઉન પહેલાં જ અમદાવાદથી તિરૂપતિ નાસિક ત્ર્યંબકેશ્વર સહિત શીરડી શનિદેવની સાંસ્કૃતિક યાત્રા એમ કુલ સાત સમૂહ યાત્રાઓનો આનંદ દાદાના સૌ ચાહકો સંબંધીઓએ લીધો...

આ યાત્રાઓ નિજાનંદ માટેની છે..એમાં પ્રેરણા સબળસિંહ દાદા અને એમનાં પત્ની મીરાંબાની છે..પરંતુ લેખક મહેન્દ્રસિંહે પુરા પ્રેમ અને આદર સાથે આ યાત્રાઓને શબ્દદેહ આપી અદ્ભૂત કામ કર્યું છે. પ્રવાસવર્ણનો કે સફરનાં સંભારણાં આપણી ભાષામાં ઘણાં લખાયાં છે..કાકાસાહેબ કાલેલકર એમાં માહિર હતા..એમનું પુસ્તક "હિમાલયનો પ્રવાસ" આ લેખો વાંચતાં મને અનેકવાર યાદ આવી ગયું...લેખક સાદા શબ્દો થી કામ લે છે..કોઇ મોટાં વર્ણનો કે સાહિત્યિક અવતરણો નથી..કોઇ મોટા માણસોના સંદર્ભો ટાંકયા વગર એમણે સરસ આલેખન કર્યું છે...સમગ્ર લખાણ વાચકને પોતીકું લાગે છે.

આ યાત્રાઓ આમ જોઇએ તો અંગત ગ્રુપનો ગમતાનો ગુલાલ છે પણ લેખકે એ મુકતમને આપણા સહુના માટે મન ભરીને ઉડાડયો છે..એક સાત્વિક છાલક આપણને સ્પર્શી જાય છે..યાત્રાનો આરંભ...વ્યવસ્થા એડવાન્સ પ્લાનીંગના પ્રયત્નો...દાદા ની લાગણીનું સતત ધ્યાન દરેક તબકકે દેખાય છે..વાચકને પોતે જ જાણે યાત્રા કરતો હોય એવી અનુભૂતિ કરાવે છે..

જે યાત્રાસ્થળોની મુલાકાત આ સમૂહ લે છે એની ભૌગોલિક જાણકારી..લોકકથાઓ..ભજનો લોકગીતો વગેરે પણ સહજ આવે છે..આપા જાદરાનો ઈતિહાસ બહુ રસપ્રદ છે..ચામુંડા માતા કે ખોડિયાર માતાના પ્રાગટયની વાતો આસ્થાપૂર્વક આવે છે..લેખક બિનજરૂરી વિસ્તાર નથી કરતા..લાઘવ એમને સહજ છે..વાચક આ બધી વાતો થકી કૃતકૃત્ય થાય છે..એમનાં વિવિધ નિરીક્ષણો અને અનુભવો ઠેરઠેર આવે છે. જેના થકી કોઇને આ પ્રકારની યાત્રાનું આયોજન કરવું હોય તો ખુબ ઉપયોગી થઇ શકે..લેખકની યાત્રા સ્થળો વિશેની વિવિધ જાણકારી આશ્ચર્યજનક છે..અગત્યના ટેલિફોન નંબરો,વ્યકિતઓ, રહેવા જમવાની સુવિધાઓ સહિતની અનેક જાણકારી એ આપતા જાય છે..દરેક યાત્રામાં કોણ કોણ યાત્રીઓ સહભાગી થયા હતા એની યાદી પણ લેખના છેડે મુકવામાં આવી છે. જેમાં દરેક વખતે સબળસિંહ લેવાનું નામ કોમન હોય જ છે..લેખકની આ ચીવટ ગમી જાય એવી છે.સમગ્રપણે એમની આ યાત્રાઓ સુખદ રહે છે. કેમકે એનો વિચાર આપનાર દાદા એક પવિત્ર માણસ છે..એકાદ બે નાનકડા ચોરી ના કે અણગમતા પ્રસંગો સિવાય પ્રત્યેક સફર સફળતાના ઉપહાર જેવી રહી છે.

- rrthakkar2@gmail.com